ગાંધીનગર સમાચાર

આજે શહેરમાં પાણી પુરવઠો બંધ રહેશે

# ગાંધીનગરના કુશળ કલાકાર વૅસ્લી પીટરનું દુઃખદ નિધન

**સદ્‌ગતની પ્રાર્થના સભા આગામી ૨૫ સપ્ટેમ્બર ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે કૅથોલિક ચર્ચ, સૅક્ટર-૮ના બેઝમૅન્ટ હૉલ ખાતે**



ગાંધીનગર, તા. ૨૩

કૅથોલિક ચર્ચ, સૅક્ટર-૮ ખાતે શુક્રવારે બપોરે સર્વધર્મ અને કલાકાર સંમેલન યોજાયું હોય એવો માહોલ ઊભો થયો હતો. કારણ હતું એક કલાકારનું દેહાવસાન.

નગરના ખ્યાત કલાકાર વૅસ્લી પીટર (કીર્તિ)ના દેહાવસાન બાદ તેના મૃતદેહને અંતિમ પ્રાર્થના માટે ચર્ચમાં લાવવામાં આવ્યો હતો. વેસ્લીના લાંબા કાર્યકાળ અને તેમના વિસ્તૃત સંબંધોને કારણે મોટો જનસમુદાય તેમનાં અંતિમ દર્શન માટે એકત્ર થયો હતો, જેમાં કલાકારોની સંખ્યા વિશેષ હતી.

વૅસ્લી રાસ-ગરબા, લોકનૃત્યના બહુ જાણીતા કલાકાર, કોરિયોગ્રાફર હતા અને તેમણે ન માત્ર દેશની ધરતી ઉપર પરંતુ વિદેશની ધરતી ઉપર પણ ભારતીય લોકનૃત્યોની સુંદર પ્રસ્તુતિ કરી આ લોકનૃત્યોને જાણીતાં બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. માત્ર લોકનૃત્યો જ નહીં પરંતુ આ લોકનૃત્યો કયા પ્રસંગે યોજાય છે, તેમનું સામાજિક મહત્ત્વ શું છે, તેના માટે સજવામાં આવતા વસ્ત્રો, શૃંગાર કેવાં હોય છે, તેમની બનાવટ શેની હોય છે, કેવી હોય છે, નૃત્યોમાં ઉપયોગમાં લેવાતાં સાધનો કયાં હોય છે, કેવાં હોય છે વગેરે જેવી ઝીણામાં ઝીણી વિગતો પણ તેમની જબાન પર રહેતી હતી. લોક નૃત્યોના ક્ષેત્રમાં આટલા ઊંડાણે ઊતરેલા બહુ ઓછા કલાકારો પૈકીના તેઓ એક હતા.

ગાંધીનગર શહેરમાં 'શ્વેત નટ નાદ' નામે કલાકારો અને પ્રેક્ષકો માટેના પણ ડ્રેસકોડ સાથેના પ્રથમ કાર્યક્રમનું આયોજન કરવાનું શ્રેય તેમને જાય છે.

કલોલ તાલુકાના હાજીપુર ખાતે કાર્યરત મંથન સંસ્થાની શારીરિક વિશિષ્ટ વિદ્યાર્થીનીઓ પાસે તૈયાર કરાવેલા આરતી નૃત્યએ ન માત્ર દેશની ધરતી ઉપર પરંતુ વિદેશમાં અમેરિકાની ધરતી ઉપર પણ અદ્‌ભૂત લોકચાહના પ્રાપ્ત કરી હતી. આ વિદ્યાર્થીનીઓ આજે પણ વૅસ્લીને 'ગ્રેટ કોરિયોગ્રાફર' તરીકે યાદ કરે છે.

તેમણે 'નૃત્યશ્રી કલાવૃંદ' નામની એક કલાની સ્થાપના પણ ગાંધીનગર ખાતે કરી હતી જેના માધ્યમથી

● અનુસંધાન પાન-૭ પર

# ખરીફ વાવેતરમાં સાત હજાર હેક્ટરનો વધારો

**પાક-વરસાદ પેટર્નમાં બદલાવ આવ્યો; મગફળી, કઠોળ અને ઘાસચારામાં વધારો તો કપાસ, ડાંગરમાં ઘટાડો; દિવેલા-શાકભાજીના પાકોમાં સરેરાશ જળવાઈ રહી : વરસાદમાં ૨૫ ટકા વધુ ઘટ છે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૨૫ ટકાથી પણ વધુ વરસાદની ઘટ વચ્ચે આ વર્ષે ખરીફ સિઝનના વાવેતર વિસ્તારમાં ૭ હજાર હેક્ટરનો વધારો થવા પામ્યો છે.

ખરીફ ઋતુના સંપન્ન થયેલા વાવેતર અભિયાનમાં આ વર્ષે ૧,૩૯,૫૮૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. આ ખરીફ પાકોની વાવણીમાં કઠોળ, શાકભાજી, મગફળી અને ઘાસચારાના પાકોના વાવેતર વિસ્તારમાં વધારો નોંધાયો છે. જ્યારે ગવાર, કપાસ, ડાંગર જેવા પાકમાં ઘટાડો જોવા મળ્યો છે. આમ પાક વાવેતર પેટર્નમાં ભારે બદલાવ નોંધાયો છે.

બે દાયકા બાદ જિલ્લામાં કઠોળ પાકોનું વાવેતર ૮ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં જોવા મળ્યું છે. ખાસ કરીને અડદ, મગ, તુવરના પાકોમાં વધારો થયેલો જોવા મળ્યો છે. બદલાયેલી પાક પેટર્નમાં સોયાબીનની ખેતી પણ કરવામાં આવી છે. મગફળીના પાકમાં અઢી હજાર હેક્ટર જેટલો વધારો જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં પહેલીવાર કપાસના ગવારના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે. આ ઘટાડો કપાસમાં ૩ હજાર હેક્ટર તો ગવારમાં ૪ હજાર હેક્ટર જેટલો થવા જાય છે.

જિલ્લામાં દિવેલા તેમજ શાકભાજીના વાવેતર વિસ્તારમાં નજીવી વધઘટ સાથે સરેરાશ વિસ્તાર જળવાઈ રહેવા પામ્યો છે. જે નોંધનીય બાબત છે. જિલ્લામાં ખરીફ પાકની વાવણી સંપન્ન થઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગેરકાયદે હોટલ-ધાબાઓ સામે હવે પોલીસ-તંત્ર સંયુક્ત ઓપરેશન કરશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ચાલતી ગેરકાયદે હોટલ, ધાબા પર હવે આગામી દિવસોમાં તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવશે. આ માટે જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે ત્રાટકવા અંગેની કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૩૦થી વધુ હોટલોના લાયસન્સ રદ કરવામાં આવેલા છે તો ૫૦ જેટલી હોટલોએ લાયસન્સ જ લીધા નહિ હોવા છતાં ધંધો કરી રહ્યાનું તંત્રની જાણમાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ હોટલ વ્યવસાયકારો સામે પગલાં લેવા માટે તંત્રએ પોલીસને કાર્યવાહી કરવા માટેની સૂચનાઓ જારી કરી દીધી છે. જરૂર પડ્યે તંત્રના અધિકારીઓ પણ પોલીસ સાથે જોડાઈને આગળની કાયદેસરની કાર્યવાહી કરશે. જિલ્લામાં ગેરકાયદે વેપાર કરનારાઓ સામે હવે તંત્ર સ્હેજ પણ સાંખી લેવાના મૂડમાં નથી. જિલ્લામાં આ બાબતે પોલીસ સાથે મળી અને આ દિશામાં કડક કાર્યવાહી કરવામાં આવનાર છે.

ગાંધીનગર શહેરમાં કેટલાક ખ્યાતનામ એકમો પાસે લાયસન્સ નહિ હોવાની પણ ચોંકાવનારી હકીકતો બહાર આવી રહી છે.

# આજે શહેરમાં પાણી પુરવઠો બંધ રહેશે

ગાંધીનગર તા ૨૩

સમગ્ર શહેરમાં આજે પાણી પુરવઠો બંધ રહેશે પાટનગર યોજના વિભાગ દ્વારા આજે ચરેડી તેમજ સરીતા ઉદ્યાનના પ્લાન્ટની સફાઈ કરવામાં આવશે આ ઉપરાંત જરૂરી સમારકામ તેમજ લીકેજીસ નિવારવા પણ કામ હાથ ધરાશે. જેના લીધે શહેરના સેકટરોમાં પાણીનો સપ્લાય બંધ રહેશે. તા ૨૫ સપ્ટેમ્બરથી રાબેતા મુજબ પાણી સપ્લાય કરવામાં આવશે.

શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ જુના અને નવા સેકટરોમાં સવારે પાણીનો કોમન સપ્લાય આપવામાં આવે છે. જેના લીધે વર્ષો જુની પાણી વિતરણ વ્યવસ્થામાં સુધાર આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર






શહીદો અમર રહો - દેશની રક્ષા માટે જાન કુરબાન કરનાર વીર શહીદોને અંજલી આપવા રાજપૂત સમાજે કાર્યક્રમ યોજ્યો હતો... શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના સ્થાન પર સમાજના અગ્રણીઓ ઉભા રહી કેન્ડલ પ્રગટાવી આદર વ્યક્ત કર્યો હતો....

# આજે મતદારયાદી સુધારણા ઝુંબેશના નિરીક્ષક ગાંધીનગર આવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૩

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલ મતદારયાદી સુધારણા ઝુંબેશ માટે ગાંધીનગર જિલ્લામાં નિરીક્ષક તરીકે સુશ્રી આરતી કંવરની નિમણુંક કરવામાં આવી છે.

સુશ્રી આરતી કંવર શનિવારે જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ કાલે સવારે ૧૧.૩૦ કલાકે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મતદાર નોંધણી અધિકારીઓ સાથે જિલ્લા ચૂંટણી અધિકારીની હાજરીમાં વિશેષ બેઠક યોજાશે.

જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત રવિવારે યોજવામાં આવનાર ખાસ ઝુંબેશના આયોજનની તેઓ વિગતો મેળવશે. આ ઉપરાંત જિલ્લામાં હાલ જે કામગીરી આ ઝુંબેશ હેઠળ ચાલી રહી છે તેની પણ વિગતો મેળવશે.

જિલ્લામાં હાલ નોંધાયેલ મતદારોની સંખ્યા ૧૧,૨૦,૪૪૬ છે. જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૫,૮૦,૪૦૬ અને સ્ત્રી મતદારોની સંખ્યા ૫,૪૦,૦૨૭ છે. જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન નામ દાખલ, કમી તેમજ તેમાં સુધારણા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

એક મહિના સુધી આ ઝુંબેશ ચાલવાની છે. આ ઝુંબેશ અંતર્ગત જિલ્લામાં યુવા અને મહિલા મતદારોની વધુ નોંધણી થાય તેના પર ભાર મુકવામાં આવ્યો હોવાથી તંત્રએ કરેલા આયોજનની જાણકારી પણ તેઓ મેળવશે. જિલ્લામાં આ ઝુંબેશ અંતર્ગત રાજકીય પક્ષો સાથે બેઠક પણ થઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આજથી વૃક્ષોના ટ્રીમીંગ માટે અભિયાન હાથ ધરાશે

**ગ-માર્ગ પર ટ્રીમીંગ કરાશે ત્યારબાદ સેકટરોમાં સ્ટ્રીટ લાઇટના થાંભલાને આડશ બનતા વૃક્ષોની ડાળીઓની છંટણી કરાશે**

ગાંધીનગર તા ૨૩

શહેરમાં આજથી વિવિધ માર્ગો પર વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી શરૂ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ગ માર્ગ પર ટ્રીમીંગ કરવામાં આવશે. જયારે નવરાત મહોત્સવને ધ્યાને લઈ સેકટરોના આંતરિક માર્ગો પર નમી પડેલા વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવશે. હાલ મોટાભાગના વિસ્તારોમાં વૃક્ષોની નમી પડેલી ડાળીઓ સ્ટ્રીટ લાઇટના પોલ્સને આડે આવતા શેરીઓમાં અજવાળુ પણ પથરાતુ નથી. વનતંત્ર દ્વારા આગામી સપ્તાહમાં ટ્રીમીંગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવશે.

શહેરમાં ચોમાસાના અંતે વૃક્ષોનુ ટ્રીમીંગ ત્વરિત અસરથી હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. હરિયાળા વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા સેકટરોમાં વૃક્ષોના ડાળાઓ નમી પડયા છે. જયારે કેટલાક ઠેકાણે વધી ગયેલી ડાળીઓના લીધે વૃક્ષો ભયજનક હાલતમાં છે. ચોમાસા દરમિયાન વૃક્ષોની ડાળીઓ લચી પડતા આમ નાગરિકો તેમજ રાહદારીઓ માટે પણ અડચણ રૂપ બની રહી છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં રીંગ રોડ તેમજ અન્ય ઠેકાણે વૃક્ષોની વધી ગયેલી ડાળીઓ સ્ટ્રીટ લાઈટના થાંભલાને વીંટળાઈ જતા સેકટરોના રસ્તા પર પુરતુ અજવાળુ પણ પથરાતુ નથી. કોર્પોરેશન પાસે વૃક્ષોના ટ્રીમીંગનુ અધ્યતન મશીન છે. પરંતુ વન તંત્રને આ મશીનની મદદ આપવામાં આવતી નથી. જયારે આમ નાગરિકોની હાલાકી વચ્ચે મહાનગરપાલિકા દ્વારા પણ સેકટરોમાં ટ્રીમીંગ કરવામાં આવતુ નથી. એકબાજુ વનતંત્ર પાસે મેન પાવરનો અભાવ છે. ત્યારે વૃક્ષોના ટ્રીમીંગની

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



મારા ધર્મપત્ની **અ.સૌ. જશોદાબેન કાલીદાસ પરમાર**નું તા. ૨૧/૯/૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તારીખ ૨૫/૯/૨૦૧૬, રવિવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૬૯૨/૨, સેક્ટર નં. ૫/બી, ગાંધીનગર

**લી.**
**કાલીદાસ નાનજીભાઈ પરમાર**
**સ્વ. ભરતભાઈ લવજીભાઈ પરમાર (દિનેશભાઈ)**
**રશ્મિન કાલીદાસ રાજન (પુત્ર)**
**પ્રજ્ઞા કાલીદાસ પરમાર (પુત્રી)**

## 'ડીરેક્ટરી'ની કામગીરી માટેનું ટેન્ડર

**શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર**

C/o. જલારામ ધામ, સેક્ટર-૨૯, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૩૬૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા પરિવાર દર્પણ-૨૦૧૬ (ડીરેક્ટરી)નું છાપકામ કરવાના ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ભાવપત્રકો તેમજ તે અંગેની વિગતો શ્રી જલારામ મંદિર, સે. ૨૯, ગાંધીનગર ખાતેથી તા. ૩૦-૦૯-૨૦૧૬ના રોજ સાંજે ૬.૦૦ ક્લાક સુધી મેળવીને ૦૧-૧૦-૨૦૧૬ સુધી સાંજે ૬.૦૦ ક્લાક સુધી પરત કરવાના રહેશે.

(સેવંતીલાલ જે. ઠક્કર) — મંત્રી
(જીતુભાઈ આર. સેજાણી) — પ્રમુખ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

## મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવાં વાહકજન્ય રોગોથી બચવા આટલું કરીએ

૧. મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા મચ્છરથી ફેલાતા વાહકજન્ય રોગ છે.
૨. આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
૩. ઘરમાં અને આસપાસ પાણીનો ભરાવો તેમજ ખાડા - ખાબોચિયા દૂર કરીએ.
૪. પાણી ભરવાના તમામ વાસણો અઠવાડિયામાં એકવાર ખાલી કરી, અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવીએ - શુક્રવારને સુકા દિવસ તરીકે પાળવો.
૫. શરીર પુરું ઢંકાય તેવા કપડા પહેરવા.
૬. મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપેલન્ટનો ઉપયોગ કરવો.
૭. સવાર ગુગળનો ધૂપ તથા સંધ્યાકાળે લીમડાનો ધૂમાડો કરવો.
૮. વહેલી સવારે તથા સાંજે ઘરના બારી - બારણા બંધ રાખવા.
૯. ઘરની આસપાસ કે છત પર પડેલ નકામા ભંગાર તેમજ ટાયરોનો નાશ કરવો.
૧૦. પક્ષીકુંજ, ફુલદાની, કુંડા, કુલર, ફ્રીઝની ટ્રેમાં ડેન્ગ્યુ તથા ચિકુનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે. જે અઠવાડિયામાં એક વખત ખાલી કરી અને ઘસીને સાફ કરવું.
૧૧. જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરવો. આપની મચ્છરદાની નજીકના આરોગ્ય કેન્દ્ર પર મફત જંતુનાશક દવાયુક્ત કરી આપવામાં આવે છે.
૧૨. કોઈપણ તાવ મેલેરિયા કે ડેન્ગ્યુ હોઈ શકે તાવ આવે ત્યારે શરીરના ખુલ્લા ભાગ ઉપર રીપેલન્ટ લગાવવાથી મચ્છરને ચેપી બનતા અટકાવી શકાય અને અન્ય વ્યક્તિમાં રોગ ફેલાવતો અટકાવી શકાય.

"End Malaria For Good." ''મેલેરિયાનો અંત સારા ભવિષ્ય માટે''

**મેલેરીયા શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com